# પડદાના ‘શાહજહાં’ અને અસલ જીંદગીના ‘રંક’ : પ્રદીપ કુમાર

**પ્રદીપ કુમારની જિંદગી આપણને શીખવે છે કે પડદા પરની ચમક-ધમક અને અસલ જિંદગી વચ્ચે જમીન-આસમાનનું અંતર હોય છે. જેણે આખી દુનિયાને મનોરંજન પૂરું પાડ્યું, તેને અંત સમયે પોતાના લોહીના સંબંધોનું સુખ પણ ન મળ્યું**

ભારતીય સિનેમાના ઈતિહાસમાં એવા ઘણા કલાકારો આવ્યા જેમણે પોતાની એક્ટિંગથી લોકોના દિલ જીત્યા, પરંતુ બહુ ઓછા એવા હતા જેમને જોતા જ એવું લાગે કે તેઓ ખરેખર કોઈ રાજવી પરિવારમાંથી આવે છે. આજે આપણે વાત કરી રહ્યા છીએ 50 અને 60ના દાયકાના એવા જ એક દિગ્ગજ અભિનેતા પ્રદીપ કુમાર વિશે, જેમને ફિલ્મી પડદાના ‘કાયમી બાદશાહ’ માનવામાં આવતા હતા.

બ્રાહ્મણ પરિવારનો છોકરો કેવી રીતે બન્યો મુગલ-એ-આઝમ?

પ્રદીપ કુમારનો જન્મ 4 જાન્યુઆરી, 1925ના રોજ બંગાળના એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનું અસલી નામ શીતલ બટબિયાલ હતું. પિતા ઈચ્છતા હતા કે દીકરો ભણી-ગણીને સારી નોકરી કરે, પરંતુ પ્રદીપનું મન નાટકોમાં પરોવાયેલું હતું. પિતાને આ નચૈયાનું કામ બિલકુલ પસંદ નહોતું. છતાં, પોતાની ધૂન પાછળ પાગલ પ્રદીપે 19 વર્ષની ઉંમરે અરોરા સ્ટુડિયોમાં કેમેરામેન આસિસ્ટન્ટ તરીકે કામ શરૂ કર્યું.

તેમની ફિલ્મી સફર બંગાળી ફિલ્મ ‘અલકનંદા’ (1947) થી શરૂ થઈ હતી. પરંતુ તેમને મોટું મેદાન જોઈતું હતું, તેથી પ્રદીપ 1949 માં મુંબઈ આવે છે. શરૂઆતના સ્ટ્રગલ બાદ 1952 માં આવેલી ફિલ્મ ‘આનંદ મઠ’ એ તેમને હિન્દી સિનેમામાં ઓળખ અપાવે છે.

તેમાં પ્રદીપને કામ મળવાથી તેનો આત્મવિશ્વાસ વધે છે.

સફળતાનો એવો દોર જે સુપરસ્ટાર્સને પણ ઈર્ષ્યા પકરાવે

પ્રદીપ કુમાર વિશે એક એવું ફેક્ટ કોઇ નહીં જાણતું હોય કે તેમની ફિલ્મોના હિટ થવાનો રેશિયો તે સમયના કોઈપણ સુપરસ્ટાર કરતા વધુ હતો. એક જ વર્ષમાં તેમની 8 થી 10 ફિલ્મો આવતી અ ને બધી જ હિટ સાબિત થતી.

**રિશ્તે નાતે**

‘અનારકલી’ અને ‘નાગિન’ (1954) જેવી ફિલ્મોએ તેમને રાતોરાત સ્ટાર બનાવી દીધા. નાગિનના ગીતો જેમ કે ‘મન ડોલે મેરા તન ડોલે’ આજે પણ લોકોના મોઢે છે.

તેમની જોડી મીના કુમારી, મધુબાલા અને વૈજયંતીમાલા જેવી સુંદરીઓ સાથે ખૂબ જામતી હતી.

પ્રદીપ કુમારનું વ્યક્તિત્વ એટલું શાહી હતું કે પ્રોડ્યસરો અને ડાયરેક્ટરો તેમને રાજા, મહારાજા કે શહેનશાહના પાત્ર માટે જ બેસ્ટ માનતા. તેમણે ‘તાજમહેલ’માં શાહજહાંનું પાત્ર એટલી જીવંત રીતે ભજવ્યું હતું કે લોકો તેમને સાચો શાહજહાં માનવા લાગ્યા હતા. રસપ્રદ વાત એ છે કે, તેમની ફિલ્મ ‘અનારકલી’ની વાર્તા પરથી જ પ્રખ્યાત ફિલ્મ ‘મુગલ-એ-આઝમ’ બની હતી.

ફિલ્મી પડદે તો તેઓ બાદશાહ હતા, પરંતુ અસલ જિંદગીમાં તેમને નસીબે સાથ ન આપ્યો. પ્રદીપ કુમારના લગ્ન રોશનાઈ બેનર્જી સાથે થયા હતા અને તેમને ચાર બાળકો હતા.

જ્યારે તેમની પત્નીનું અવસાન થયું, ત્યારે તેમના જીવનમાં અંધકાર છવાઈ ગયો. પ્રદીપ કુમારે પોતે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ‘પત્નીના અવસાન સમયે પણ બાળકો જોવા ન આવ્યા અને બાદમાં મારી બધી સંપત્તિ પડાવીને મને રસ્તા પર છોડી દીધો’.

જીવનના છેલ્લા દિવસોમાં આ મહાન એક્ટરને પેરેલિસિસ જેવા ગંભીર રોગનો ભોગ બન્યા. જે શહેનશાહ એક સમયે લાખોમાં રમતો હતો, તેની પાસે રહેવા માટે ઘર નહોતું અને તેઓ ભિખારી જેવું જીવન જીવવા મજબૂર થવું પડ્યું.

પ્રદીપ કુમારની જિંદગી આપણને શીખવે છે કે પડદા પરની ચમક-ધમક અને અસલ જિંદગી વચ્ચે જમીન-આસમાનનું અંતર હોય છે. જેણે આખી દુનિયાને મનોરંજન પૂરું પાડ્યું, તેને અંત સમયે પોતાના લોહીના સંબંધોનું સુખ પણ ન મળ્યું. ●

# ૧૯૯૩ની ફિલ્મ ‘ક્ષત્રિય’ની સિક્વલ કેમ ન બની શકી?

ભારતીય ફિલ્મ પ્રોડ્યુસર, રાઇટર અને ડિરેક્ટર જે.પી. દત્તા ઉર્ફે જ્યોતિ પ્રકાશ દત્તા તેમની શાનદાર ફિલ્મો માટે જાણીતા છે. નિર્માતા જે.પી.એ ‘બોર્ડર’, ‘કારગિલ’, ‘બટવારા’ અને ‘ગુલામી’ જેવી સુપરહિટ ફિલ્મો આપી છે.

૧૯૯૩માં રિલીઝ થયેલી જે.પી. દત્તાની મલ્ટીસ્ટારર ફિલ્મ ‘ક્ષત્રિય’ ભારતીય સિનેમાના ઈતિહાસની એક એવી ફિલ્મ છે, જે પોતાની ભવ્યતા, સ્ટાર કાસ્ટ અને વિવાદોને કારણે આજે પણ યાદ કરવામાં આવે છે. આ ફિલ્મ માત્ર પડદા પરની દુશ્મનીની જ વાર્તા નહોતી, પણ આ ફિલ્મના મેકિંગ સમયે જે કિસ્સાઓ અને ઘટનાઓ બની તે વધુ રસપ્રદ છે.

જે.પી. દત્તાએ આ ફિલ્મનું નામ પહેલા ‘વોરિયર’ (Warrior) રાખવાનું વિચાર્યું હતું પણ તે રાખી ન શક્યા અને ‘ક્ષત્રિય’ રાખ્યું!

ફિલ્મ ‘ક્ષત્રિય’ ખાનદાની દુશ્મની પર આધારિત છે. આ વાર્તા એવા અજગર સમાન છે, જે પેઢીઓની પેઢીઓ ગળી જાય છે છતાં તેની ભૂખ શાંત નથી થતી. આ ફિલ્મ રાજસ્થાનના બે રાજવી પરિવારો વચ્ચેની વર્ષો જૂની નફરત અને તેના કારણે વેરવિખેર થતા સંબંધોની આસપાસ વણાયેલી છે. જે.પી. દત્તા, જેઓ રાજસ્થાની પૃષ્ઠભૂમિ પર ફિલ્મો બનાવવાના માસ્ટર ગણાય છે, તેમણે આ ફિલ્મને ખૂબ જ કુશળતાથી પડદા પર ઉતારી હતી.

આ ફિલ્મની સ્ટાર કાસ્ટ એટલી મોટી હતી કે તેને ‘મલ્ટીસ્ટારર’ કહેવું પણ ઓછું પડે. તેમાં સુનિલ દત્ત, ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના, સની દેઓલ, સંજય દત્ત, મીનાક્ષી શેષાદ્રી, રવીના ટંડન અને દિવ્યા ભારતી જેવા એક્ટરો હતા.

આ ફિલ્મ માટે પહેલા જે.પી. દત્તાએ અમિતાભ બચ્ચન અને રેખા રોલ ઑફર કર્યો હતો. શરૂઆતમાં સુનિલ દત્તના ભાઈના રોલ માટે અમિતાભ બચ્ચનને ઓફર મળી હતી, પરંતુ અમિતાભે તે રોલ માટે ઈનકાર કર્યો. પછી તે રોલ વિનોદ ખન્નાને મળ્યો. એવી જ રીતે વિનોદ ખન્ના સામે રેખાને કાસ્ટ કરવામાં આવી હતી, પણ જે ફિલ્મને અમિતાભ ઈનકાર કરે તે રેખા કેમ કરે? રેખાએ પણ તે ફિલ્મ માટે ઈનકાર કર્યો અને મીનાક્ષી શેષાદ્રીની પસંદગી થઈ.

**મૂવિયાના**

હવે કાસ્ટ ફાઈનલ થઇ ગઇ, પણ તે જ સમયે સની દેઓલ કમરના દુઃખાવાથી હેરાન થતો હતો, પરંતુ જે.પી. દત્તા સનીને જ લેવા માંગતા હતા. દત્તાએ કહ્યું હતું કે, ‘સની ઠીક થઇ ન જાય ત્યાં સુધી રાહ જોઈશું, પણ તે રોલ તો સની જ કરશે.

આ ફિલ્મની જેમ કાસ્ટિંગ વખતે જેટલી મુશ્કેલી આવી, તેના કરતા વધુ મુશ્કેલી ફિલ્મ બનાવતી વખતે સામે આવી!

કહેવાય છે કે ફિલ્મના શૂટિંગ દરમ્યાન સંજય દત્તનું અપહરણ કરવાની કોશિશ કરવામાં આવી હતી! બીકાનેરના કિલ્લામાં જ્યારે શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક એક એરક્રાફ્ટ ઉતર્યું અને તેમાંથી ચાર હટ્ટાકટ્ટા માણસો આવ્યા. તેમણે કહ્યું કે ફિરોઝ ખાન સાહેબે તેમને મોકલ્યા છે અને તેઓ સંજય દત્તને લેવા આવ્યા છે. ખરેખર, સંજય દત્તે ફિરોઝ ખાનની ફિલ્મ ‘યલગાર’ માટે ડેટ્સ આપી દીધી હતી, તેથી જે.પી. દત્તાએ સંજય દત્તને હસતા મોઢે વિદાય આપવી પડી હતી.

**કહેવાય છે કે ફિલ્મના શૂટિંગ દરમ્યાન સંજય દત્તનું અપહરણ કરવાની કોશિશ કરવામાં આવી હતી। બીકાનેરના કિલ્લામાં જ્યારે શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક એક એરક્રાફ્ટ ઉતર્યું અને તેમાંથી ચાર હટ્ટાકટ્ટા માણસો આવ્યા. તેમણે કહ્યું કે ફિરોઝ ખાન સાહેબે તેમને મોકલ્યા છે અને તેઓ સંજય દત્તને લેવા આવ્યા છે. ખરેખર, સંજય દત્તે ફિરોઝ ખાનની ફિલ્મ ‘યલગાર’ માટે ડેટ્સ આપી દીધી હતી, તેથી જે.પી. દત્તાએ સંજય દત્તને હસતા મોઢે વિદાય આપવી પડી હતી**

રવીના ટંડન અને દિવ્યા ભારતી બંને તે સમયની હીરોઈનો ખૂબ ચર્ચામાં રહેતી. આમ પણ સ્ટારના નખરા કેટલા હોય તે બધા જ જાણે જ છે. દિવ્યા ભારતી અને રવીના ફિલ્મના સેટ પર નાની બાબતો પર લડાઈ કરતી હતી. દિવ્યાને લાગતું હતું કે જે.પી. દત્તા રવીનાને વધુ ભાવ આપી રહ્યા છે. એકવાર તો આઉટફિટ બાબતે બંને વચ્ચે મોટો ઝઘડો થયો હતો, જેમાં દિવ્યાએ રવીના જેવા જ કપડાં પહેરવાની જીદ પકડી હતી.

‘ક્ષત્રિય’ ૨૬ માર્ચ ૧૯૯૩ના રોજ રિલીઝ થઈ હતી. પરંતુ તેની રિલીઝ પહેલા જ મુંબઈમાં રમખાણો અને સીરીયલ બોમ્બ બ્લાસ્ટની ઘટનાઓ બની. સંજય દત્તની ધરપકડ થતા આખા મુંબઈમાં તેમની ફિલ્મો વિરુદ્ધ વિરોધ ફાટી નીકળ્યો. થિયેટર માલિકોએ તોડફોડના ડરથી માત્ર 21 દિવસે જ ફિલ્મને થિયેટરમાંથી ઉતારી લીધી. આ જ મુખ્ય કારણ હતું કે આટલી સારી ફિલ્મ હોવા છતાં તે બોક્સ ઓફિસ પર માત્ર ‘એવરેજ’ સાબિત થઈ. આ દિવ્યા ભારતીની રિલીઝ થયેલી આ છેલ્લી ફિલ્મ હતી. સની દેઓલ અને વિનોદ ખન્નાએ સાથે કામ કર્યું હોય તેવી આ એકમાત્ર ફિલ્મ છે. સંજય દત્ત અને રવીના ટંડન આ ફિલ્મમાં ભાઈ-બહેનના રોલમાં જોવા મળ્યા હતા. ‘ક્ષત્રિય’ એ માત્ર એક એક્શન ડ્રામા નથી, પરંતુ તે સમયના બોલિવૂડના ગોલ્ડન એરાની અને દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓનો દસ્તાવેજ છે. જો આ ફિલ્મ સંજોગોને કારણે અટકી ન હોત, તો કદાચ જે.પી. દત્તા આ ફિલ્મની સિક્વલ પણ બની શકે એમ હતું! ●




# સંઘર્ષ અને રિજેક્શનની વાત

જીવનમાં સફળતા મેળવવી ક્યારેય સરળ હોતી નથી અને આ વાત આશા ભોંસલે અને કિશોર કુમાર પર પણ લાગુ પડે છે. આશાજી એક સમયે તેઓ અને કિશોર કુમાર એક રેકોર્ડિંગ સ્ટુડિયોમાં ગયા હતા. ત્યાં રોબિન ચેટર્જી નામના બંગાળી અને હિન્દી ફિલ્મોના ખૂબ જાણીતા રેકોર્ડિસ્ટ હતા. જ્યારે આશાજી અને કિશોર કુમારે ગાવાનું શરૂ કર્યું, ત્યારે રોબિન ચેટર્જીએ તેમને અધવચ્ચે જ અટકાવી દીધા અને અપમાનજનક રીતે કહ્યું કે, આ તે કેવો અવાજ છે? આ અવાજ ચાલશે નહીં.

**જ્યારે આશાજી અને કિશોર કુમારે ગાવાનું શરૂ કર્યું, ત્યારે રોબિન ચેટર્જીએ તેમને અધવચ્ચે જ અટકાવી દીધા અને અપમાનજનક રીતે કહ્યું કે, આ તે કેવો અવાજ છે? આ અવાજ ચાલશે નહીં**

તેમણે નિર્માતાને સૂચન આપ્યું કે આશા અને કિશોરને બદલે ગીતા દત્ત કે અન્ય કોઈ કલાકારને બોલાવવામાં આવે, કારણ કે તેમના મતે આ બંનેનો અવાજ સારો નહોતો. આ સાંભળીને આશાજી અને કિશોર દા અત્યંત નિરાશ થઈ ગયા. તેઓ સ્ટુડિયોની બહાર નીકળીને મહાલક્ષ્મી સ્ટેશન પાસે જઈને બેસી ગયા. ત્યાં તેમણે વાસી બટાટાવડા અને ચા પીધી, કારણ કે તેમની પાસે વધારે પૈસા નહોતા અને મન પણ ઉદાસ હતું. જોકે,

**કિસ્સા કહાનીકા**

આશાજીએ હિંમત હારી નહીં. તેમણે કિશોર દાને કહ્યું કે, તમારો અવાજ અનોખો છે અને તેને દુનિયાની કોઈ પણ શક્તિ રોકી શકશે નહીં. સમય જતાં, બંનેએ પોતાની મહેનતથી નામ કમાવ્યું અને બોલિવૂડના સુપરસ્ટાર સિંગર બની ગયા.

થોડા વર્ષો પછી, જ્યારે તેઓ ફરી એક ફિલ્મ માટે રેકોર્ડિંગ કરી રહ્યા હતા, ત્યારે તે જ રોબિન ચેટર્જી ત્યાં રેકોર્ડિસ્ટ તરીકે હાજર હતા.

કિશોર દા ગુસ્સે થયા અને તેમને કાઢી મુકવા માંગતા હતા, પરંતુ આશાજીએ તેમને સમજાવ્યા કે આપણે કોઈના પેટ પર લાત મારવી જોઈએ નહીં, તે સમયે આપણો સમય ખરાબ હતો. આપણને શીખવે છે કે રિજેક્શન એ અંત નથી, પણ સફળતાની શરૂઆત છે. સાઉન્ડ રેકોર્ડિસ્ટ રોબિન ચેટર્જીનો ઉલ્લેખ કર્યો છે. ●